

# નવરાત્રીમાં શ્રદ્ધા અને માણસ હોવાનું સુખ ચરમસીમાએ પહોંચે છે

## ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

એમાં કોઈ શંકા નથી કે તહેવારોના સ્વરૂપ બદલી ગયાં છે. એમાંય કોઈ શંકા નથી કે બદલાયેલાં સ્વરૂપ બધાંને ગમવા લાગ્યા છે. તેમ એ બાબતમાંય શંકા નથી કે આખરે તો દરેક માણસ આનંદની શોધમાં જ હોય છે. હા, એકલા રહેવાની મજા, પોતાની જાત સાથેનો સંવાદ એ બધું હાંસિયામાં ધકેલાઈ ગયું છે. પરિણામે માણસ ટોળું શોધે છે. જો કે તહેવાર કદી એકલા ન માણી શકાય. એના માટે નાનો કે મોટો સમુહ તો જોઈએ. નવરાત્રી શક્તિ સાધનાનો તહેવાર છે પરંતુ આખરે તો એ પણ એક નિજાનંદ જ છે! કવિ રમેશ પારેખની એક પંક્તિઓને બરાબર તપાસીએ.'કોણ લઈ આવ્યું મને ધખધખતા રણ વચ્ચે?' બીજું તો કોણ હોય? શ્રદ્ધા જ સાલી હોઈ શકે.'

અત્યારે ગુજરાત જ નહીં. દેશના અન્ય ભાગોમાં, અરે વિદેશોમાં પણ નવરાત્રીનો તહેવાર ઉજવાઈ રહ્યો છે. દિવસ કરતાં રાતનું મહત્વ વધી ગયુ છે. યુવાની હેલે ચડી છે. એકમેક સાથે ભળતા સંદર્ભો આ તહેવારના બહાને જોડાઈ ગયા હશે. એના કેન્દ્રમાં હશે માણસનો આનંદ. આમેય શ્રદ્ધા! સાથે વર્તમાન નવરાત્રીના સ્વરૂપને ઝાઝી લેવા દેવા નથી. પરંતુ ભારતની પ્રજાનું એક સ્વરૂપ જેને બૌદ્ધિકો હંમેશા વખોડતા રહ્યાં છે તેનું કેન્દ્ર ત્યાં પડ્યું છે. તમે ધાર્મિક સ્થળો પર ઊભરાતી ભીડને જોઈ હશે. અનુભવીય હશે. સાથે ધાર્મિક સ્થળો પર બની ગયેલી દુર્ઘટનાઓ વિશેય સાંભળ્યું હશે. એ વખતના ટીવી અને છાપાના નિવેદન પણ વાંચ્યા કે સાંભળ્યા હશે. તેમ છતાં દરવર્ષે ફરી ભીડ ઉમટે છે. આપણા દેશમાં ધાર્મિક સ્થળો પર ચોક્કસ દિવસોમાં પદયાત્રાઓ યોજાય છે. ગુજરાતમાં કઠીન પદયાત્રા માટે મોટા અંબાજી (બનાસકાંઠા) અને માતાનામઢ (કચ્છ) જાણીતા સ્થળ છે. લોકો છેક મુંબઈ અને અન્ય રાજ્યોના વિસ્તારોમાંથી પગે ચાલતાં દર્શન કરવા આવે છે. અનેક જાતની શારીરિક યાતનાઓ વેઠે છે. શરીરને કષ્ટ આપે છે. અનેક અગવડો વેઠે છે. આવું આખાય ભારતમાં થાય છે. લોકો જાત જાતની માનતાઓ માને છે. માનતા પૂરી કરવા માટે શરીરને પીડા આપે છે. તે પછી પોતાના ઈષ્ટ દેવી કે દેવતાના દર્શન કરીને ધન્યતા આનુભવે છે. એક વર્ગ એવો પણ છે જે આ બધી બાબતોને ઘેલછા ગણે છે. નવરા અને નબળા મનના માણસોની પ્રવૃત્તિ ગણે છે. ચાલો બે ઘડી બધી જ દલીલોને એક તરફ મૂકી દઈએ. માત્ર એટલું જ વિચારીએ કે કોઈ માણસ એવું શા માટે કરે છે? શા માટે દિવસો સુધી, પગમાં છાલા પડી જાય ત્યાં સુધી પગે ચાલે છે? શા માટે કોઈ ભૂખ, તરસ, તડકો વેઠે છે? આમ જોવા જઈએ તો આ પ્રશ્નો અનુત્તર છે. પરંતુ એ માટે બારીક નજર અને પરમતત્ત્વની શોધની આદિમ ઈચ્છા બાબતે પોતાની સ્વની શોધ તો નથી કરી રહ્યોને? ખાસ કરીને ભારતીય પ્રજાનું એક વિશેષ લક્ષણ રહ્યું છે કે તે દરેક બાબતને પરમતત્ત્વ સાથે જોડીને જુએ છે. એ ભલે માતાજીની પદયાત્રા હોય, કૈલાસ માનસરોવરની યાત્રા હોય, મક્કા-મદીનાની હજયાત્રા હોય કે વૈષ્ણોદેવીના દર્શનની વાત હોય. આખરે માણસ પોતાને બનવનારને મળવા માંગે છે. એની સાથે સંવાદ કરવા માંગે છે. માણસની આ સદીઓ જૂની આ ઝંખના છે. અને એટલે જ કુંભમેળા યોજાય છે. શિવરાત્રીના મેળામાં નાગાબાવાઓની જમાતને નત મસ્તકે સંસારીઓ સલામ ભરે છે. રણમાં આવેલી દરગાહે માથું ટેકવે છે. આ શ્રદ્ધા અત્યંત વિધાયક તત્ત્વ છે. તે માણસને તૂટી પડતો બચાવે છે. જીવતાં શીખવાડે છે. કદાચ એટલે જ આપના દેશમાં આટલા ધર્મો, સંપ્રદાયો, માન્યતાઓ હોવા છતાં વર્ગવિગ્રહ ફાટી નીકળતો નથી. અનેક દેવી દેવતાઓને માનતા લોકો એક જ ફળિયામાં એક બીજાને સહારે જીવે છે. આ છે શ્રદ્ધા!

અહીં શ્રદ્ધા અને નિજાનંદની ભેળસેળની મજા અનેરી છે. એ મજા નવરાત્રીના તહેવારમાં જોવા મળે છે. સાંજના સમયે માતાજીની મૂર્તિ સામે હાથ જોડીને ઊભેલા યુવાન રાતે પોતાની સ્ત્રી મિત્ર સાથે દાંડિયા રમે છે. ખાય પીએ છે. લોક ભાષામાં જલ્સા કરે છે. આ બેય પાસાં જીવનને રસમય માર્ગે વાળે છે. આખરે આપણે સૌ માણસો છીએ. માણસ હોવાના અનેક દુઃખો છે તો સુખોનોય પાર નથી. તહેવારો, તેમાંય એવા તહેવારો જ્યાં લોકોનો મોટો સમુહ એકઠો થતો હોય ત્યારે માણસ હોવાની મજા લેતાં આવડે એ લે છે. બાકીના લોકો એનું વિવેચન કરીને 'પુરાના રાગ' આલાપ્યા કરે છે. આ બેય બાબતો હંમેશા સાથે રહેવાની. નવરાત્રીમાં શ્રદ્ધા અને માણસ હોવાનો આનંદ ચરમ સીમાએ પહોંચે છે. કેટલાકની ફરિયાદ છે કે આ તહેવાર હવે વ્યવસાયિક થઈ ગયો છે. ભાઈ એ પણ એક મજા છે. વેપાર કરીને રૂપિયા રળવાનો આનંદ વેપારી સિવાય કોને સમજાય? તો પછી ઝાઝી વાતે ગાડાં ભરાય. મજા કરો!

---



# અંતિમ શ્વાસ સુધી કામ કરતા રહેવાની તમન્ના

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

''મું થોડું લેતો'' પાંસઠ વર્ષીય શંકરકાકાએ શરમાતાં શરમાતાં આ કહ્યું.

''તે એ કેવી રીતે છૂટ્યું?''

''આ પરેશભઈ કને ધંધો વધારવા લોન મોગવા જ્યો તાણ ઈમને કીધુ શંકરકાકા તમે મોણસ હારમહારા પણ તમે સોટો લો એ ખોટુ. આ લેવાનું બંધ કરો તો લોનનું કોક વિચારુ. ઈમને જાણ આવું કીધુ તાણ ધરતી મારગ આલ તો હમઈ જવાનું મન થ્યુ. હાહરુ દારૂએ મારી કિંમત કોડીની કરી દીધી!''

સ્વમાનને ઠેસ પહોંચી એટલે શંકરકાકાએ દારૂને ઘરમાંથી ખદેડવા કમર કસી ને થોડા વખતમાં તો એમણે દારૂ ઉપર જીત મેળવી. વ્યસન છોડવાની વાત જેઓ વર્ષોથી વ્યસનના બંધાણી હોય તેમને કરીએ તો એ વ્યસન છોડે તો એમને કેવી ઉપાધિઓ થાય એની લાંબી યાદી આપણી સામે રજૂ કરે. જેમ કે, બીડીના બંધાણી કહે, બીડી ન પીવું તો મને ગેસના ગોટા વળે, કોઈ કહે મારું પેટ સાફ જ ન થાય. આ સાંભળું ત્યારે સખત હસવું આવે. થાય કે બીડી બનાવવાળાને બીડીની જાહેરાત સાથે આ ફાયદાની વાત કરવી જોઈએ. કોઈ કહે બીડીના કસ વના મને બેચેની લાગ્યા કરે, મૂડ ન આવે. કોઈ કહે, મારે ખેતરમાં રાતના પાણી વાળવાનું, ઉજાગરો કરવો પડે, બીડી પીવું તો ઊંઘ ન આવે. માવા - મસાલા ખાઈ ગાડી ચલાવનાર વ્યક્તિ પણ આવાં જ બહાનાં બતાવે. આપણે ત્યાં કહેવત છે 'ઊંટ છોડે આકડો ને બકરી છોડે કાંકરો.' પ્રાણીઓને પણ શું ખાવું ને શું ન ખાવું એ સમજાય પણ એક માત્ર મનુષ્યને. શંકરકાકા વ્યસન મુક્ત થયા. પછી પરેશભાઈએ એમને નાનકડી લોન આપી. કાકા કાચની પેટીમાં શૃંગાર પ્રસાધનો વેચવાનું કામ કરે. રહેવાનું એમનું બનાસકાંઠાના સેદ્રાસણમાં.

એમણે એક લોન પતાવી બીજી ને પછી ત્રીજી એમ લોન લીધા કરી. લોનનો હપ્તો ભરવા પરેશભાઈ પાસે પાલનપુર જાય ત્યારે ધંધો કેવો ચાલે એવું પરેશભાઈ પૂછે તો કહે, ''બધું ટનાટન. પેલા કોકદાડો હાંલ્લા તડાકા લેતા પણ હવ હખ થઈ જ્યુ. સુખેથી ખઈએ પીએ ને આનંદ કરીએ. પણ આ બધુ મુ કવુ ન તમે મોનો, ઈના કરત રૂબરૂ તમારી ઓસ્યો ભાળ ઈમ કરો. એક ફેરા ઓટો મારો'' પરેશભાઈ એમને હા પાડે પણ એમને વખત મળે નહીં એટલે જવાનું ન થાય. હમણાં અમે બનાસકાંઠાના પ્રવાસે હતા તે દરમ્યાન પરેશભાઈએ શંકરકાકાને મળવાની વાત કરી ને અમે પહોંચ્યા સેદ્રાસણ. પુલની બાજુમાં બજાણિયા સમુદાયની મોટી વસાહત. ગાડી પુલ પાસે ઊભી રાખી અમે કાકાના ઘરે પહોંચ્યા. કાકાના આંગણામાં મોપેડ (દ્વિચક્રી વાહન) પડ્યું હતું અને એના ઉપર થેલો હતો જેમાં કટલરીનો સામાન પડ્યો હતો.

કાકાએ ઘરની સામે નાનકડી દેરી બાંધેલી. આ દેરી ઉપર દારૂ પીને કોઈએ મંદિરમાં આવવું નહીં એવું લખ્યું હતું. આ લખાણ વાંચી પરેશભાઈ અને હું બેય હસ્યા. કાકા અમારી વાત જાણે સમજી ગયા હોય એમ એમણે કહ્યું, ''પંદર વરહનો હતો તાણથી મજૂરીએ વળજી જ્યો. આ ભણવાબણવાની તાણ કુન ખબર પડતી. સોકરો શરીર કાઢ એકય પેલ્લા લગન કરાબ્બાના ન્ પસી કોમે વડગાડવાનો. તાણ તો સુટક મજૂરી કરતો. પણ ઈમ કોય વળ એવું લાગતુ નતુ. ધંધો કરવાની તમન્ના થઈ. થોડી મૂડી ભેગી થઈ પસી કાચની પેટી લાયો ન નાક કોન વેધવાનું અન હારે હારે બગસરાની આઈટમો વેચવાનું ચાલુ કીધું. તાણ આવા સાધનો ચો હતા. હેડી હેડી ન ધંધો કરવાનો. ઈમો ટોટિયાની કઢી થઈ જતી. એવામાં ભઈબંધો હારે આ દારૂના રવાડે ચડ્યો. ભલુ તો ઈનાથી કોય થતું નતું. પણ એ સુટતોય નતો. પણ પરેશભઈએ મેઠી ટકોર કરીન્ મે સોડ્યો. એ પસી જીવનમો હારાવાટ જ થઈ.'' અમે કાકાને કશું પૂછ્યું નહોતું પણ આજે જાણે એમને કહેવું હતું. અમે એમની રહેણીકરણી સમજી રહ્યા હતા ત્યાં પરેશભાઈએ કહ્યું, ''કાકા આ મોપેડ ક્યાંથી લાવ્યા મને તો ખબર પણ નથી.''

''ચમ ચોથી લાયો તે ધંધો કરીન લીધું. બચત કરવાનું હવ હીખી જ્યો. ખઈએ પીએ એવું તો ઘણી બાઈડી કમઈ લઈએ. બેંકમોંય થોડા ઘણા મેલું. હાથપગ હેડ તો હુદી કોમ કરશું પસી બેંકો મુચેલી મરણમૂડીમોંથી રૂડુ ખાસુપીસુ. સોકરાઓની ઓસયાળી વેઠવી નહીં. જુઓ પોસઠ ઉપર હેડ્યો પણ હાથ પગ એકદમ રેડી.''

''તે મોપેડ ખરીદાય એટલા પૈસાની બચત હતી?''

''ના રે ના. મરણમૂડી ભેગી કરુ. ઈમોથી તો દિયોય નતો લેવાનો. ધંધામોંથી મરણમૂડી સિવાય થોડી બચત કરુ તે એ અને બીજા થોડા બેંકમોંથી લોન લઈન અંબોરવાનું નક્કી કર્યું પણ મારા બેટા બેંકવાળા કેક કાકા તમે પોસઠના થ્યા તમન્ લોન ના મલ્. મેં કીધુ ક અમાર સંસ્થા તો આલ્ પણ બેંકવાળાએ ના પાડી. જોણ મુ કાલ જ મરી જવાનો ના હોવું! મુ તો કડેધડે સુ. હજુ બત્રીસી એકબંદ. બીજા પંદર વરહ તો નેકળસે પણ બેંકવાળાન્ કુણ હજમાવ? પસી મારા સોકરાના નોમે લોન લીધી અન્ ઈન પૂરીએ કરી''

કાકાની વાતો સાંભળી અમે સૌ હસ્યા. કાકાના બેય દીકરા પણ ત્યાં હાજર હતા. કાકાએ પોતાના બે દીકરાને પણ ધંધે વળગાડ્યા. કાકાનાં પત્નીની ઉંમર પણ એમના જેટલી જ. એ પણ એક થેલામાં કટલરીનો સામાન લઈને સેદ્રાસણ નજીકના ગામમાં વેચવા જાય. શંકરકાકા અને તેમનાં પત્ની બેયને જીવન સામે ફરિયાદો નહોતી. અંતિમ શ્વાસ સુધી કામ કરતા રહેવાની બેયની તમન્ના. કુદરતે એમને સુખેથી રોટલો ખાઈ શકે એટલી સગવડ કરી આપી એનો એમને આનંદ હતો. અંતઃસ્ફુરણા બહુ મોટી ચીજ છે. જ્યારે એ થઈ જાય ત્યારે સારુંનરસું આપોઆપ સમજાવા માંડે. શંકરકાકાના કિસ્સામાં આ અમે નજરે જોયું.